# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

**પોલીસ ઇન્સ્પેક્ટર (બિન હથિયારધારી), વર્ગ-૨ (જા.ક્ર.:૩૮/૨૦૧૭-૧૮) ના ઉમેદવારો માટે**

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તા.૦૫-૦૨-૨૦૧૮ થી તા.૧૦-૦૨-૨૦૧૮ દરમ્યાન પોલીસ ઇન્સ્પેક્ટર (બિન હથિયારધારી), વર્ગ-૨ (જા.ક્ર.:૩૮/૨૦૧૭-૧૮) ની શારીરિક ક્ષમતા કસોટી (PET) અને શારીરિક માપ કસોટી (PST) નું આયોજન કરવામાં આવેલ છે. આ કસોટી માટે ઉપસ્થિત થનાર ઉમેદવારો, પરીક્ષાની તંદુરસ્ત પ્રણાલિને અનુસરે તે અપેક્ષિત અને આવશ્યક છે. પરીક્ષાનાં ઉચ્ચ ધોરણો જળવાઇ રહે તે હેતુથી, આયોગ દ્વારા શારીરિક ક્ષમતા કસોટી (PET) પહેલા કે બાદ ઉમેદવારોનું તબીબી પરિક્ષણ (Medical Check up) કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. આ પરિક્ષણમાં, જો કોઇ ઉમેદવારે Energy Booster ગણાતા કેફી પદાર્થ કે અન્ય કોઇપણ પ્રકારના પ્રતિબંધિત દ્રવ્યનું સેવન કરેલ છે, તેવું માલૂમ પડશે તો તેમને સદરહુ જાહેરાત ઉપરાંત નિયમોનુસાર ઓછામાં ઓછા ૫ (પાંચ) વર્ષ કે આયોગ નક્કી કરે એટલા સમય માટે ગુજરાત જાહેર સેવા આયોગ ની તમામ ભરતી પ્રક્રિયા માટે ગેરલાયક ઠેરવવામાં આવશે, જેની સંબંધિત તમામ ઉમેદવારોએ નોંધ લેવી.

તા.૧૮-૦૧-૨૦૧૮